મહેમાનશ્રીઓએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે આવા કાર્યક્રમ દ્વારા બાળકોમાં રહેલી વિવિધ શકિતઓનો વિકાસ થાય છે.વિદ્યાર્થીઓ પોતાના મૂલ્યો આવા કાર્યક્રમો દ્વારા જાળવી શકે એવું માર્ગદર્શન આ શાળાનાં વિદ્યાર્થીઓને મળી રહ્યુ છે. વિશાળ સંખ્યામાં વિદ્યાર્થીઓ તથા વાલીશ્રીઓ આ કાર્યક્રમને નિહાળવા ઉપસ્થિત રહ્યા. દરેક કૃતિના અંતે કૃષ્ણ જીવન આધારિત કૃતિને અનુરૂપ ઓડિયન્સમાં ક્વીઝ રાખવામાં આવી હતી. આ ક્વીઝનું સંચાલન શ્રીમતી ચારૂલબેન જોષીએ કર્યુ હતું અને વિજેતાને ઇનામ આપવામાં આવ્યું.



આ કાર્યક્રમ શાળાના ડાયરેકટરશ્રી ડૉ. ભગુભાઇ પ્રજાપતિ તેમજ શ્રીમતિ બિનીતાબેન ગોહિલ (આચાર્યા, ગ્રાન્ટેડ વિભાગ), શ્રી જિજ્ઞેશભાઇ જોષી (આચાર્ય, નોનગ્રાન્ટેડ વિભાગ ગુ.મા.)ના માર્ગદર્શન હેઠળ યોજાયો. શાળાના સર્વે શિક્ષકોએ ખૂબ ઉત્સાહથી વિદ્યાર્થીઓને કાર્યક્રમની શ્રેષ્ઠ તૈયારી કરાવી તથા શ્રી અરવિંદભાઇ પરમારે વિદ્યાર્થીઓને પાત્ર અનુરૂપ મેકઅપ કર્યો હતો. આ કાર્યક્રમનું સફળ સંચાલન શાળાના શિક્ષકો શ્રીમતી કંચનબેન પરમાર, શ્રીમતી ચારૂલબેન જોષી તથા ધો. ૧૧ સાયન્સ નો વિદ્યાર્થી છોવાલા ઝલક દ્વારા કરવામાં આવ્યું.

---

## તા. ૨૭/૧૨/૨૫, શનિવારે પૂર્વ-પ્રા. થી ધો. ૧ થી ૯, ૧૧ કોમર્સ અને વિજ્ઞાન પ્રવાહ અંગ્રેજી માધ્યમના ૫૦૧ વિદ્યાર્થીઓનો “સંપૂણ રામાયણ” વિષય પર ભવ્ય વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો.

મૂલ્યોના જતન, સંસ્કાર અને સંસ્કૃતિના સંવર્ધન માટે વિવિધ પ્રવૃતિઓ આયોજીત કરવામાં આવે છે જે અંતર્ગત અગ્રેજી માધ્યમના પૂ.પ્રા.થી ધો.૧ થી ૯, ૧૧ કોમર્સ, અને વિજ્ઞાન પ્રવાહ કુલ ૫૦૧ વિદ્યાર્થીઓનો **“સંપૂર્ણ રામાયણ”** વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો. જેમાં રામ જન્મ થી લક્ષ્મણ અને રામ ની જળ સમાધિ સુધી જેમાં રામ જન્મ, સીતા જન્મ, અહિલ્યા મૂક્તિ, સીતા સ્વયંવર, રામ, સીતા અને લક્ષ્મણ વનવાસ, ભરત મિલન, સીતા હરણ, રામ હનુમાન મિલન, લંકા દહન, રામ સેતુ, રામ રાવણ યુદ્ધ, સીતાની અગ્નિ પરીક્ષા લવ-કુશ વાણી, સીતા માતા નુ ધરતી મા સમાઈ જવુ , લક્ષ્મણ મૃત્યુદંડ અને રામ જળસમાધી જેવી વિવિધ અદ્‌ભૂત કૃતિઓ વિદ્યાર્થીઓએ રજૂ કરી. જેના દ્વારા વિદ્યાર્થીઓમાં આજ્ઞા પાલન, સત્ય, આદર, સંસ્કાર, કર્તવ્યનિષ્ઠા, ધીરજ અને સહનશીલતા, સહકાર અને એકતા જેવા અનેક મૂલ્યો પ્રગટે છે.



**આ કાર્યક્રમમાં મહેમાન તરીકે મા.શ્રી પરમ પૂજય ત્રિલોચના દેવી સાધવીજી (૩૦૦ થી વધારે રામ કથા અને ભાગવત કથા કરનાર) મા. શ્રી સંતોષ કૂમાર ત્રિપાઠી (કાસટીંગ ડાયરેકટર, કલાભૂમી એકેડેમી, બી એલર્ટ મિડિયા ફાઉન્ડેશન, વડોદરા) આદરણીય મા.શ્રી મંજુલાબા (શાળાના આધ્યસ્થાપક ટ્રસ્ટી શ્રી સ્વ. રાવજીભાઈના ધર્મપત્ની) શાળાના ચેરમેન મા.શ્રી હેમંતભાઇ પ્રજાપતિ સાહેબ અને શ્રીમતિ બેલાબેન હેમંતભાઇ પ્રજાપતિ ઉપસ્થિત રહ્યા.**

મહેમાનશ્રીઓએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે આવા કાર્યક્રમ દ્વારા બાળકોમાં રહેલી વિવિધ શકિતઓનો વિકાસ થાય છે. વિદ્યાર્થીઓ પોતાની ઉજ્જવળ તથા સફળ કારકિર્દી બનાવી શકે એવું માર્ગદર્શન આ શાળાનાં વિદ્યાર્થીઓને મળી રહ્યું છે. આજના સોશ્યલ મિડીયાના સમયમાં ગેમ્સના રવાડે ચડેલા બાળકોને જ્ઞાન અને જીવનમાં મર્યાદાનું મહત્વ આવા કાર્યક્રમોને કારણે મળી રહ્યું છે. જે કારણથી આ શાળાના વિદ્યાર્થીઓનું અન્યોથી અલગ વ્યકિતત્વ નિખરે છે. વિશાળ સંખ્યામાં વિદ્યાર્થીઓ તથા વાલીશ્રીઓ આ કાર્યક્રમને નિહાળવા ઉપસ્થિત રહ્યા. રામ જીવન આધારિત કૃતિના અંતે કૃતિને અનુરૂપ ઓડિયન્સમાં કવીઝ રાખી હતી, વિજેતાને ઇનામ આપવામાં આવ્યું. આ ક્વીઝનું સંચાલન શ્રીમતી ચારૂલબેન જોષીએ કર્ય હતું.

આ કાર્યક્રમ શાળાના ડાયરેકટરશ્રી ડૉ. ભગુભાઇ પ્રજાપતિ, શ્રીમતિ વિદ્યા રાણા (આચાર્યા, નોન-ગ્રાન્ટેડ વિભાગ અં.મા.)ના માર્ગદર્શન હેઠળ યોજાયો. શાળાના સર્વે શિક્ષકોએ ખૂબ ઉત્સાહથી વિદ્યાર્થીઓને કાર્યક્રમની શ્રેષ્ઠ તૈયારી કરાવી હતી તથા શ્રી અરવિંદભાઇ પરમારે વિદ્યાર્થીઓને પાત્ર અનુરૂપ મેકઅપ કર્યો હતો. આ કાર્યક્રમનું સફળ સંચાલન શાળાના શિક્ષકો અને આ કાર્યક્રમના દિગદર્શક કુ. પૂર્વા પ્રજાપતિ અને કુ. તાસી રાણા દ્વારા કરવામાં આવ્યું.

**સફળતા એક દિવસમાં નથી મળતી, પ્રયત્ન રોજનો હોવો જોઈએ.**